# Bankers "Home COVID Care"

For COVID Positive Confirmed, Stable Patient.

## હોમ બેઝ્ડ કોવિડ કેર ગાઇડલાઇન

### Home Care કોની માટે?

જે દર્દીઓ ખુબજ ઓછુ/ઓછુ સંક્રમણ ધરાવતા હોય અને તેઓની પાસે હોમ આઈસોલેશન માટેની પુરતી વ્યવસ્થા હોય તેવા લોકોને આ સુવિધા પુરી પાડી શકાય.

### કયા લક્ષણો ધરાવતા વ્યક્તિ હોમ બેઝ્ડ કોવિડ કેર લઇ શકે છે?

૧. જેને ૧૦૦ ડીગ્રી ફેરનહીટ કે તે કરતા ઓછો તાવ હોય.
૨. જેને ગળામાં ખારાશ હોય, થાક લાગતો હોય અને માથું દુખતું હોય.
૩. રૂમ એર લેવલે શ્વાસ લેવામાં કોઈ તકલીફ ન પડતી હોઈ. અને $SPO_2$ લેવલ ૯૦% કરતા વધારે હોય.
૪. અન્ય કોઈ બિમારી જેવી કે શ્વાસની તકલીફ, કીડનીની તકલીફ, હ્યદયની બીમારી ન હોય.
૫. રેસ્પીરેટરી રેટ ૨૪/મીનીટ થી વધારે ન હોય.
૬. બ્લડ પ્રેશર નોર્મલ હોય.

### ક્યારે દર્દીને દાખલ થવુ પડે?

દર્દી અને સંભાળ રાખનાર વ્યક્તિ તબીયતની કાળજી લેવાનું ચાલુ રાખતા હોય ત્યારે નીચે જણાવેલ માંથી કોઈ પણ ફરીયાદ અથવા ચિન્હો જણાવવાના શરૂ થાય ત્યારે હોસ્પિટલ પાસેથી એડવાઈઝ લેવી.

### ચિન્હો

૧. શ્વાસ લેવામાં તકલીફ/મુશ્કેલી
૨. છાતીમાં સતત દુખાવો/દબાણ થતુ લાગે.
૩. જાગૃત ન થઈ શકાય તેવુ ઘેન/ મેન્ટલ કન્ફ્યુઝન
૪. ચહેરો અને હોઠ ભુરા થવા લાગે
૫. અથવા સારવાર આપનાર તબિબ સ્પષ્ટ સલાહ આપે કે તબિબી સારવારની હવે તરત જરૂરી છે.

### હોમ આઇસોલેશન ક્યારે પુર્ણ થયેલ ગણાય?

ઘરની અંદર આઈસોલેટ થયેલ દર્દીઓમાં રોગના લક્ષણો જ્યારે કાબુમાં આવી જાય ત્યારે સર્વેલન્સ Team ધ્વારા ચેપ મુક્ત જાહેર કરે ત્યારે ઘરનું આઈસોલેશન પુર્ણ થયેલ ગણાય.

### ટ્રીપલ લેયર મેડીકલ માસ્ક અને હાથ મોજાનો ઉપયોગ

૧. દર્દીના રૂમમાં સફાઈ કરતી વેળાએ અથવા કોઈપણ જાતની વસ્તુઓને અડકતી વખતે, જેવી કે ચાદર, દર્દીના કપડા વગેરે પહેલાં સાબુ અને પાણીથી હાથ ધોઈ અને હાથ મોજા તથા માસ્ક દુર કરી ફરી વખત હાથ સાબુ અને પાણી થી ધોવા.

૨. દર્દીનું ધ્યાન રાખનાર વ્યક્તિએ ચોક્કસ પણેનિશ્ચીત કરવાનું રહેશે કે દર્દીને આપેલ સુચનાઓનું ચુસ્ત પણે પાલન કરે અને જરૂરી દવાઓ સમયસર લે.

૩. દર્દીનું ધ્યાન રાખનાર અને ઘરના અન્ય સર્વે વ્યક્તિઓએ પોતાના સ્વાસ્થ્યનુ ધ્યાન રાખવાનું રહેશે અને તેઓ પોતાની જાતે તેઓના શરીરનું તાપમાન માપશે અને જો તેઓના માંથી કોઈ પણ વ્યક્તિમાં કોવિડ-૧૯ નાં લક્ષણો જણાય તો તેની જાણ સર્વેલન્સ ટીમને તુરંત કરશે.

## દર્દીઓ માટેની માર્ગદર્શીકા

૧. દર્દીએ કાયમ માટે મેડીકલ ટ્રીપલ લેયર માસ્કનો ઉપયોગ કરવા અને દર ૮ કલાકે આ માસ્ક બદલી નવુ માસ્ક પહેરવું અથવા જો માસ્ક ગંદુ થાય અથવા ભીનુ થાય તો તુરંત બદલવુ.

૨. દર્દીએ પોતે ઉપયોગમાં લીધેલ માસ્ક ૧% હાઇપો ક્લોરાઇડ સોલ્યુસનનો ઉપયોગ કરી ડીસઇન્ફેક્ટ કરી ડીસ્પોઝ કરવું.

3. દર્દીએ પોતાના રૂમમાં જ રહેવુ અને ઘરના અન્ય વ્યક્તિઓ ખાસ કરીને ઘરનાં વૃધ્ધ વ્યક્તિઓ જેઓની ઉમર ૬૫ વર્ષથી વધુ છે અથવા એવા વ્યક્તિઓ જેઓ કોઇ અન્ય બિમારી જેવી કે હ્રદયની તકલીફ, કિડનીને લગતી બિમારી, હાઇપર ટેન્શન વગેરે છે દુર રહેવુ.

૪. દર્દીએ આરામ કરવો અને આઇસોલેશનમાં સમય દરમ્યાન ખુબજ પાણી પીવુ જેથી ડીહાઇડ્રેશન જેવી સ્તિતિ ન સર્જાય.

૫. દર્દીએ પોતાના હાથ વારંવાર સાબુ અને પાણી ધ્વારા લગભગ ૪૦ સેકન્ડ માતે ધોવા અથવા આલ્કોહોલ બેઝ સેનીટાઈઝરનો ઉપયોગ કરવો.

૬. દર્દીએ પોતાની વ્યક્તિગત વસ્તુઓ અન્ય કોઇ વ્યક્તિઓને કરવા દેવો નહી.

૭. દર્દીઓ પોતાના રૂમમાં જ્યા તેઓએ સ્પર્સ કરેલ છે તેવી દરેક સરફેસ જેવી કે ટેબલ ટોપ, દરવાજાનુ હેન્ડલ, દરવાજાના લોક વગેરેને ૧% હોઇપોક્લોરાઈડ સોલ્યુશનથી સાફ કરવુ.

૮. દર્દીએ તબીબી ધ્વારા તેઓને આપવામાં આવેલ તમામ સુચનાઓનું પાલન ચુસ્ત પણે કરવાનું રહેશે અને તેમના ધ્વારા આપવામાં આવેલ દવાઓ નિયત સમયે નિયમ અનુસાર લેવાની રહેશે.

૯. દર્દીએ પોતાનાં સ્વાસ્થ્યનું ધ્યાન પોતે રાખવાનું રહેશે અને નીચે જણાવેલ લક્ષણો માંથી કોઈપણ લક્ષણ જણાય તો તુરંત Covid Team નો સંપર્ક કરવો.

- શ્વાસ લેવામાં તકલીફ/મુશ્કેલી.
- છાતીમાં સતત દુખાવો/દબાણ થતુ લાગે.
- ૧૦૨ કરતા વધારે તાવ હોવો.
- જાગૃત ન થઇ શકે તેવુ ઘેન.
- ચહેરો અને હોઠ ભુરા થવા.

BANKERS GROUP OF HOSPITALS

## દર્દીની સંભાળ લેનાર વ્યક્તિ માટેની માર્ગદર્શીકા

### ૧. માસ્ક

- ટ્રીપલ લેયર માસ્કને યોગ્ય રીતે હંમેશા પહેરેલુ રાખવુ.
- માસ્કના આગળના ભાગને અડવું નહી.
- ભીના અને ગંદો માસ્ક તરત બદલી નાખવો.
- વપરાશ પછી માસ્કનો યોગ્ય નિકાલ કરવો અને સાબુથી બરાબર હાથ ધોવા.
- પોતાના ચહેરા, નાક કે મોઢાને ન અડવુ.

### ૨. હાથ સુરક્ષા

- દર્દીના સંપર્ક પછી હાથ સ્વચ્છ કરવા.
- ખોરાક બનાવતા, ખાતા, ખવડાવતા અને ટોયલેટનો ઉપયોગ કરવાનો થાય ત્યારે દરેક વખતે સાબુ અને પાણી થી લગભગ ૪૦ સેકન્ડ માટે હાથ ધોવા અથવા આલ્કોહોલ બેઝ હેન્ડ રબરનો ઉપયોગ થઇ શકે.
- હાથ સાબુથી સાફ કર્યા પછી ડીસ્પોઝેબલ પેપર ટોવેલ અથવા સ્વચ્છ કાપડથી હાથ કોરા કરવા અને દરેક વખતે સ્વચ્છ કોરા કપડાનો ઉપયોગ કરવો.

### 3. દર્દીનો સંપર્ક

- દર્દીના મોઢા કે શ્વસનતંત્રના પ્રવાહી જેવા કે લીટ, થુક વગેરેના સંપર્કમાં ન આવવુ.
- દર્દીની સંભાળ લેતી વખતે હાથ મોજા અવશ્ય પહેરવા, હાથ મોજા પહેરતા અને હાથ મોજા ઉતાર્યા પછી હાથ સાબુથી જરૂર ધોવા.
- સંભવિત રીતે સંક્મીત થયેલ વસ્તુઓનો સંપર્ક ટાળવો જેવિકે, ખાવા પીવાના વાસણો, ખાધ્ય પદાર્થો, ચાદર, ટુવાલ વગેરે.
- દર્દીને તેની રૂમ માંજ જમવાનું આપવુ.
- દર્દીને જે વાસણમાં જમવાનું પિરસવામાં આવે તે વાસણો ખુબજ સારી રીતે સાબુ/ડીટરજન્ટ અને પાણી વડે હાથ મોજા પહેરી અને ધોવા.